# નગરના પેટ્રોલ પંપો પર ગ્રાહકો સાથે છડેચોક છેતરપીંડી

## સે. ૨૧ના કલ્પતરુ પેટ્રોલ પંપ પર પેટ્રોલ ઓછુ અપાતા ગ્રાહકે તકરાર કરી : એટેન્ડન્ટે મશીનની ખરાબીનું બહાનું દર્શાવી ઢાંકપિછોડો કરવા પ્રયાસ કર્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સે. ૨૧માં આવેલ કલ્પતરુ પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ ઓછુ ભરવાની ફરિયાદ ઉઠવા પામી છે. પેટ્રોલ પુરી આપતા એટેન્ડન્ટ દ્વારા ગ્રાહકની ફરિયાદ સામે મશીનની ખરાબી હોવાનું કારણ દર્શાવી ઘટના પર ઢાંકપીછોડો કરવાની કોશિષ કરવામાં આવી હતી. ગાંધીનગરના મોટા ભાગના પેટ્રોલ પંપ પર ગ્રાહકોમાં આ પ્રકારની ફરિયાદો છાશવારે ઉદ્‌ભવી હોવાનું પ્રકાશમાં આવી રહ્યું છે. તંત્ર દ્વારા આ પેટ્રોલ પંપો પર કોઈ નિયંત્રણ કે નિયમિત ચકાસણીનો અભાવ જણાઈ રહ્યો છે. જેના કારણે ગ્રાહકોને સહન કરવુ પડી રહ્યું છે.

ઘટનાની વિગત એવી છે કે ગાંધીનગરની એક કોલેજના પ્રાધ્યાપક ગઈકાલે સે. ૨૧માં આવેલ કલ્પતરુ પેટ્રોલ પંપ પર પોતાના બાઈકમાં પેટ્રોલ ભરાવા ગયા હતા. તેમણે રૂપિયા ૩૦૦નું પેટ્રોલ ભરવા માટે એટેન્ડન્ટને કહેતા તેણે ઓટોમેટિક મશીનમાં આ આંકડો પ્રિ-ફીક્સ કર્યા વગર ડાયરેક્ટ જ પેટ્રોલ ભરવાનું ચાલુ કરી દીધુ હતુ. પેટ્રોલ ભરી દીધા પછી પ્રાધ્યાપકને લાગ્યું કે તેમના બાઈકમાં પુરતુ પેટ્રોલ ભરાયુ જ નથી, કારણ કે તેમના બાઈકની ટાંકીમાં પેટ્રોલ લગભગ ખલાસ થવા આવ્યું હતું ત્યારે પેટ્રોલ ભરાવા આવ્યા હતા પરંતુ ત્રણસો રૂપિયાનું પેટ્રોલ પુરાવા છતાં ટાંકીમાં તેનો જથ્થો જણાતો નહોતો. આથી તેમણે પેટ્રોલ એટેન્ડન્ટનું ધ્યાન દોર્યું ત્યારે પહેલાનો એટેન્ડન્ટે ગલ્લાં-તલ્લા કર્યા પછી પ્રાધ્યાપકે પેટ્રોલ કાઢી ચેક કરવાનું કહેતા એક પાત્રમાં બધુ પેટ્રોલ કાઢવામાં આવ્યું હતું. આ પેટ્રોલનો જથ્થો પહેલી નજરે જ સો રૂપિયાનું પણ પુરૂ નહોતુ આથી પ્રાધ્યાપક ગુસ્સે ભરાયા હતા. પોતે ફસાઈ ગયા હોવાનું જાણી એટેન્ડન્ટે તુરંત પ્રાધ્યાપકની માફી માંગવાનું ચાલુ કરી મશીનમાં ખરાબી હોવાનું કારણ આગળ ધરી દીધુ હતુ. તેમજ પ્રાધ્યાપકનો ગુસ્સો ઠંડો કરવા તુરંત જ રૂ. ૩૦૦નું પેટ્રોલ ફરી ભરી આપ્યુ હતું અને મામલાને ત્યાં જ પતાવી દેવા આજીજી કરી હતી.

પ્રાધ્યાપકે પણ આ ઘટનામાં પેટ્રોલપંપ પર હાજર અન્ય કોઈ ગ્રાહકે રસ ન દાખવતા અને પોતાના પૈસાનું પેટ્રોલ મળી ગયુ હોવાથી વધુ કાર્યવાહી કરવાનું ટાળ્યું હતું. જો કે છેલ્લા ઘણા સમયથી પાટનગરના મોટા ભાગના પેટ્રોલપંપો પર આવી નાની-મોટી ઘટનાઓ ઘટી રહી છે. પરંતુ લોકોની નીરસતા અને તંત્રનું પેટ્રોલ પંપો પર નિયંત્રણ હળવુ હોવાથી ગ્રાહકો ખુલ્લેઆમ છેતરાઈ રહ્યા છે. અનેક ગ્રાહકો પેટ્રોલ પંપ દ્વારા મશીનમાં 'જમ્પર' જેવી વિવિધ ટેકનિકો દ્વારા ગ્રાહકોને લુંટવામાં આવી રહ્યા હોવાની વાતો જણાવી રહ્યા છે. પરંતુ આ ચોરીને પકડવાની યોગ્ય પદ્ધતિના અભાવે અને તંત્રની કાર્યવાહીમાં ઘસડાવાની બીકે વિરોધ કરવાનું ટાળી રહ્યાં છે. જેના કારણે પેટ્રોલપંપોના સંચાલકોને જાણે ગ્રાહકોને ધુતવાનો પરવાનો મળી ગયો હોય તેવો માહોલ સર્જાઈ રહ્યો છે.

# એસ.ટી. સહકારી મંડળી કૌભાંડમાં આખરે ચેરમેનની ધરપકડ

## ચેરમેન નવલસિંહ રાણા ત્રણ દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર એસ.ટી. સહકારી ધિરાણ મંડળીમાં કરોડોની થયેલી ઉચાપત પ્રકરણમાં મુખ્ય સુત્રધાર ચેરમેન ઘણા સમયથી ફરાર હતાં. ગઈ મોડી સાંજે ગાંધીનગર એલસીબી ની ટીમે ચેરમેન નવલસિંહ રાણાની ધરપકડ કરી લઈ કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ૩ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. એલસીબીએ તેની ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એસ.ટી. સહકારી ધિરાણ મંડળીના ચેરમેન તથા અન્ય હોદેદારોએ મળીને કરોડો રૂપિયાની ઉચાપત કરી નાંખી હોવાનું તથા ઓડીટમાં પણ ગોટાળા કરી નાંખ્યા હોવાનું ધ્યાને આવતા પોલીસ ફરિયાદ નોંધાવા પામી હતી. જેમાં અન્ય તમામ આરોપીઓની ધરપકડ પોલીસે કરી નાખી હતી જયારે ચેરમેન નવલસિંહ મનુજી રાણા ફરાર હતાં. સમગ્ર ગુનાની તપાસ સંભાળતી ગાંધીનગર એલસીબીની ટીમે ગઈ મોડી સાંજે પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી ચેરમેન નવલસિંહને સરગાસણ માંથી પકડી પાડી તેની ધરપકડ કરી લીધી હતી. આરોપીને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે તેના ૨૩ ફેબ્રુઆરી સાંજે ૪ વાગ્યા સુધીના એટલે કે ૩ દિવસના રિમાન્ડ મંજુર કરતાં તપાસનીશ અધિકારીએ સઘન પુછપરછ શરુ કરી છે.

# તાપમાનમાં વધારો પણ બેવડી ઋતુનો અહેસાસ યથાવત

## મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી સે. અને લઘુત્તમ ૧૬.૨ ડિગ્રી સે. નોંધાયું

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાનમાં નજીવો વધારો થતાં વાતાવરણમાં ઝાઝો ફરક જણાતો નથી અને હજુ પણ નગરવાસીઓને બેવડી ઋતુનો અનુભવ થયાનો અહેસાસ યથાવત રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન ૧૬.૨ ડિગ્રી સે. રહ્યું હતું જે ગઈકાલના ૧૫.૫ ડિગ્રી સે. કરતાં માત્ર ૧ ડિગ્રી વધારો નોંધાયો હતો. લઘુત્તમ તાપમાન સાથે મહત્તમ તાપમાન પણ ૧ ડિગ્રીના વધારા સાથે ૩૪.૫ ડિગ્રી સે. નોંધાયું હતું. હજુ પણ મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધશે. ૧૮-૧૯ ડિગ્રીનો તફાવત જોવા મળી રહ્યો છે.

હાલમાં ચાલી રહેલ બેવડી ઋતુના કારણે નગરમાં લોકોને તાવ, શરદી ખાંસી વગેરે ઋતુજન્ય રોગોના લક્ષણો જણાઈ રહ્યા છે. એક તરફ નગરમાં સ્વાઈન ફલુ જેવા મહારોગે ભરડો લીધો હોવાના અહેવાલોએ લોકોમાં ભયનો માહોલ પેદા કર્યો છે ત્યારે બીજી તરફ વાતાવરણમાં ઠંડી ગરમીના બેવડા અહેસાસને કારણે પણ નગરજનોમાં ચિંતાનો માહોલ વર્તાઈ રહ્યો છે. આજે નગરમાં મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૬.૨ ડિગ્રી સે. નોંધાયું હતું. જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૭૭ ટકા હતું જે સાંજે માત્ર ૩૦ ટકા જ રહેવા પામ્યું હતું.

આમ તાપમાનમાં ધીમે ધીમે થઈ રહેલા વધારાને કારણે નગરજનોને ઉનાળાના આગમનનો અહેસાસ થઈ રહ્યો છે. પરંતુ બેવડી ઋતુના કારણે વહેલી પરોઢે અને સાંજના સમયે ઠંડી અનુભવાઈ રહી છે. જો કે બપોરના સમયે પંખા એસી ચલાવવા હવે ફરજિયાત બની ગયાં છે.

**રક્તદાન મહાદાન**



(તસવીર : નટુભાઈ પટેલ)

## સ્વાઈન ફલુ અંગે શિક્ષકોએ જાગૃતિ અભિયાન છેડયું

સ્વાઈન ફલુને કાબુમાં લાવવા આરોગ્ય તંત્ર દ્વારા ધરખમ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. પરંતુ આ બિમારી દિવસે ને દિવસે વધુ ફેલાતી જાય છે. આ મહારોગને નાથવા હવે જાગ્રત નાગરિકો પણ શકય હોય તેટલા મદદરૂપ થઈ રહ્યાં છે. ગાંધીનગર તાલુકાના જાખોરા ખાતે નજીકની રાજપુર પ્રાથમિક શાળાના શિક્ષિકા બિંદુબેન પંડયા અને પાર્થ પંડયા દ્વારા આ રોગ અંગે જાગૃતિ માર્ગદર્શન અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ રોગચાળાને કાબુમાં લેવા સાવચેતી અંગેનું યોગ્ય માર્ગદર્શન જ નાગરિકોને રાહત અપાવી શકે છે.

# સે-૭માં નિકાલના મકાનો દૂષણોનો અડ્ડો બનતા આક્રોશ

## જોખમી આવાસોના લીધે સેકટરનું કલ્ચર ડહોળાય છે : વિભાગ કક્ષાએથી મકાનો તોડવામાં વિલંબ

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવામાં વિલંબ થતા આ ખાલી અને ભયજનક મકાનોમાં દૂષણોનો અડ્ડો જામ્યો છે. સે-૭માં પણ જ-૧ અને જ-૨ કક્ષાના ૫૨ જેટલા નિકાલ હેઠળના બ્લોક તોડવાનું કામ મંજુરીના અભાવે અટવાયું છે. આ ભયજનક મકાનો તંત્ર દ્વારા સીલ કરી દેવાયા છે. આમ છતાં મકાનોના પેસેજમાં શ્રમિકોએ હાલ અડ્ડો જમાવ્યો છે.

શહેરમાં સ્થિત જુદીજુદી કક્ષાના સરકારી આવાસો પૈકી વર્ષ ૨૦૦૫માં ૧૯૦૪ જેટલા મકાનો વિભાગ દ્વારા નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા જયારે આ ભયજનક મકાનોને તોડવા માટે દાયકાના અંતે નિર્ણય લેવાયો છે. વર્ષોના અંતે બેઠક તેમજ ઉચ્ચ કક્ષાએ રજુ થયેલા પ્રેઝન્ટેશન બાદ આ જોખમી આવાસો તોડી પાડવાનો નિર્ણય લવાયો છે. પરંતુ આ નિર્ણયના અંતે પણ જોખમી આવસોનું અસ્તિત્વ હજુ યથાવત છે. સે-૧૬ અને ૩૦માં નિકાલ હેઠળના કેટલાક બ્લોક તોડવાનું કામ ચાલુ છે. પરંતુ સે-૭ અને ૧૩માં જોખમી આવાસોની સંખ્યા વિશેષ છે. આમ છતાં નિકાલ હેઠળના મકાન તોડવાના કામો સંદર્ભેની દરખાસ્ત લાંબા સમયથી વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. સે-૭માં નિકાલ હેઠળના ૫૨ બ્લોક છે. જ-૧ અને જ-૨ કક્ષાના આ આવાસો સીલ કરી દેવાયા છે. હાલ આ વિસ્તારમાં અસહ્ય ગંદકી સાથે આવાસના પેસેજમાં શ્રમિકોએ અડ્ડો જમાવ્યો છે. જેના લીધે સાંજ ઢળતા અનેક દુષણો પણ પાંગરી રહ્યા છે. નિકાલ હેઠળના આ જોખમી મકાનોથી સેકટરનું કલ્ચર પણ દુષિત થતું હોવાથી આ મકાનો ત્વરિત તોડવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# સે-૨૯માં અંબાજી માતાજીના મંદિરમાં તસ્કરોનો હાથ ફેરો

## મંદિરની જાળીનું તાળુ તોડીને તિજોરીમાંથી રૂ. ૯૫૦૦ની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ મુખ્ય શોપીંગ સેકટર સામે સ્થિત અંબાજી માતાજીના મંદિરમાં તસ્કર ટોળકીએ રાત્રી દરમિયાન હાથફેરો કર્યો હતો. મંદિરની જાળીનું તાળુ તોડીને અંદર ઘુસી તસ્કરો તિજોરીમાંથી રૂ. ૯૫૦૦ રોકડા ઉઠાવી રફફુચક્કર થઈ ગયા હતાં. સે-૨૧ પોલીસે મંદિરમાં થયેલી ચોરી અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૧૩ પ્લોટ નં. ૫૧૪/૧ ખાતે રહેતા દિનેશસિંહ જીતુજી ચાવડાએ આજે સે-૨૧ પોલિસમથકે નોંધાવેલી ફરિયાદ મુજબ સે-૨૯ મુખ્ય શોપીંગ સેન્ટરમાં સ્થિત અંબાજી માતાનાં મંદિરમાં રાત્રી દરમિયાન કોઈ ચોરો રોકડ રૂપિયાની ચોરી કરી ગયા હતાં. મંદિરની જાળીનું તાળુ તોડીને તસ્કરો અંદર ઘુસ્યા હતા અને તિજોરીનું ઈન્ટરલોક તોડીને તેમાં પડેલા રૂ. ૯૫૦૦ રોકડા ઉઠાવી તસ્કરો સરકી ગયા હતાં. સે-૨૧ પી.આઈ. બી.એ. ચાવડાએ દિનેશસિંહની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા ડોગ સ્કવોર્ડ બોલાવી વૈજ્ઞાનિક ઢબે તપાસ આરંભી છે. પોલીસે આસપાસના વિસ્તારમાં કયાં કયાં સીસીટીવી કેમેરા છે તેની તપાસ શરુ કરી તસ્કરો સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

# શહેરી બસ સેવા માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ, કમિટિ સમક્ષ દરખાસ્ત મુકાઈ

## શહેરના બજેટમાં કોર્પોરેશન સંચાલિત સેવાની જાહેરાત, છતાં આ બાબત સ્ટેન્ડીંગ કમિટિના નિર્ણયને આધિન

ગાંધીનગર, તા. ૨૦

પાટનગરમાં શહેરી બસ સેવા વિટકોસનો કરાર પૂર્ણ થઈ જતાં નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ જ ખર્ચાળ અને તકલીફજનક બની રહી છે. નગરમાં શરૂ થયેલી શહેરી બસ સેવા શહેર કરતાં અન્ય વિસ્તારોમાં વધુ સેવા આપી આવકને છે અને તે અંગેના ખર્ચ માટેના નાણાંની અલગથી જોગવાઈનું પણ આયોજન થયું હોવાનું જાણવા મળ્યું છે.

એક બાજુ કોર્પોરેશન પોતાના



હતી. દરમ્યાન તાજેતરમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના બજેટ સત્રમાં કોર્પોરેશન સંચાલિત શહેરી બસ સેવા શરૂ કરવાની જાહેરાત થઈ હતી. છતાં કોર્પોરેશનના અધિકારીએ અગાઉની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ હોવાનું તથા તે અંગે કમિટિ સમક્ષ દરખાસ્ત મુકાઈ હોવાનું જણાવ્યું છે. છેલ્લા ઘણા સમયથી નગરજનો આ અંગે જાણવા ઉસ્તુક છે પરંતુ તંત્ર દ્વારા આ અંગે સત્તાવાર કોઈજ ખુલાસો કરવામાં આવતો નથી. પ્રજાજનોમાં અનેક શંકાઓ પ્રબળ થઈ છે.

નગરના સેક્ટરમાં આંતરિક મુસાફરી નગરજનો માટે હાલ ખુબ મહત્વ આપે છે જેની અનેક ફરીયાદો તંત્ર સમક્ષ પડી છે. જેથી આ અંગે ટેન્ડર પ્રક્રિયા તંત્રએ ઘણા લાંબા સમયથી હાથ ધરેલ છે. અને તે દરમ્યાન હાલની વિટકોસ સેવાને ચાલુ રાખવાની પરવાનગી અપાઈ છે. આ અંગે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનરે જણાવ્યુ હતું કે શહેરી બસ સેવા માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને તે અંગેની દરખાસ્ત કમિટિ સમક્ષ મુકી દેવાઈ છે. જો કે તાજેતરમાં મ્યુનિસિપલ કોર્પોરેશને બહાર પાડેલા બજેટમાં કોર્પોરેશન સંચાલિત શહેરી બસ સેવા શરૂ કરવાની જાહેરાત કરાઈ સંચાલિત શહેરી બસસેવા માટેની જાહેરાત કરે છે તો બીજી તરફ અગાઉ મંગાવેલી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયાની અધિકારીઓ જણાવી રહ્યા છે. જેથી નગરજમાં શહેરી બસ સેવા બાબતે હજુ પણ અસમંજસ ઉભું થયુંછે. નગરજનો શહેરની સુવિધા અને અત્યંત જરૂરિયાત એવી શહેરી બસ સેવાથી સતત વંચિત રહ્યા છે ત્યારે નગરજનોના હિત માટે તંત્રએ ચોક્કસ આ બાબતે ખુલાસો કરવો જોઈએ તેવી માગં ઉઠી છે. નગર સાથે સંકળાયેલા આજુબાજુના ગામ અને સેક્ટર બંનેનો સમાવેશ થાય તેવું આયોજન તંત્ર હાથ ધરે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

# વિજ દર વધારા અંગે અગાઉના વાંધા સૂચનોની સ્પષ્ટતા કરવા રજૂઆત

## જર્ક સમક્ષ અગાઉના વાંધા સૂચનોનો સંતોષકારક ઉકેલ લાવવા મહામંડળ દ્વારા રજૂઆત કરાઇ

ગાંધીનગર, તા. ૨૦

વિજ દરના ભાવવધારા સંદર્ભે અગાઉ ઉઠાવાયેલા વાંધાઓની સ્પષ્ટતા બાદ જ નિર્ણય લવાય તે મામલે જર્ક સમક્ષ દલીલ કરવામાં આવી હતી. મહામંડળે તોતિંગ અને તર્કવિહીન ભાવવધારો ગણાવી ગ્રાહકોના હીત માટે રક્ષણ પુરું પાડવા પણ જણાવાયું છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ ગાંધીનગર, અમદાવાદ, સુરતને ઘરવપરાશ અને ઉદ્યોગો માટે વિજ પુરવઠો પુરો પાડતી ટોરન્ટ પાવર કંપની દ્વારા પ્રતિવર્ષ કોઈના કોઈ બહાને વીજ દર વધારાની માંગણી વિજ નિયમન પંચ સમક્ષ કરવામાં આવે છે. જેની સામે શહેર વસાહત મહામંડળે વિજદરનો યુનિટ દીઠ ભાવવધારો નામંજૂર કરવા જર્ક સમક્ષ અપીલ દાખલ કરવામાં આવી છે. જેની મુદત દરમિયાન મહામંડળના પદાધિકારીઓ મયુર વ્યાસ, કિશોર જીકાદરાએ જર્ક સમક્ષ રજૂઆતમાં જણાવ્યું હતું કે કંપની દ્વારા યુનિટના ભાવ વધારા સાથે દર મહીને મીટર ભાડા પેટે પ્રતિમાસ રૂ. ૩૦ વસુલવામાં આવે છે. જર્ક દ્વારા આ મામલે સુનાવણી નક્કી કરી ગ્રાહક હીતને થતા નુકશાનને અટકાવવા તેમને કાનુની રક્ષણ મળે તે મુજબનું આયોજન કરવા પણ રજૂઆત કરવામાં આવી હતી. જયારે વર્ષ ૨૦૦-૧૦ના વાંધાઓ પણ ટોરેન્ટ દ્વારા હજુ સેટલ થયા નથી ત્યારે અગાઉના વાંધાઓનો સંતોષકારક નિકાલ ન આવે ત્યાં સુધી વીજ ભાવ વધારો ન થાય તે માટે પણ રજૂઆત કરી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૯
સૂર્યાસ્ત : ૬.૩૯

## તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૩૦ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બદલાપુર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

રોય : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

રોય : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦

બેબી : ૩.૪૫

સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

સ્ક્રીન-૫ :

બદલાપુર : ૧૦.૦૦

રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

બેબી : ૯.૪૫

## આપની આજ

**મેષ** : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

**વૃષભ** : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**મિથુન** : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ, મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

**સિંહ** : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

**કન્યા** : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે.

**તુલા** : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

**વૃશ્ચિક** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

**મકર** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

**મીન** : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

## ચિરવિદાય

- સ્વ. કલ્પેશભાઈ હિરાભાઈ પટેલ (ઉ.વ.૪૦) મુ. મોટા ચિલોડા, તા. જી. ગાંધીનગર